સશિપ/માર્ચ ૦૫/૨૫૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
## સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ
## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૬ માર્ચ, ૨૦૦૫ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. સત્પુરુષનો જે પ્રસંગ એ જ પરમેશ્વરને વિશે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.
૨. સાત માળની હવેલીનું દૃષ્ટાંત-સિદ્ધાંત સમજાવો.
૩. એકાંતિક ધર્મ તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ હોય તેને વચને કરીને જ પમાય.
૪. લોઢામાં અગ્નિના પ્રવેશનું દૃષ્ટાંત અને સિદ્ધાંત લખો.
૫. એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. જેને સત્સંગ થયો ................. કરીને રહે છે.
૨. તેમ ભગવાનનો નિશ્ચય ................. સમર્થ થતો નથી.
૩. એવી નિષ્ઠાવાળો ................. ઉદ્ધાર થાય છે.
૪. મનોમન ચક્ર ................. ઠેકાણે જાણવું.
૫. માટે દેહ અને દેહના ................. તે સાધુ કહેવાય.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. કલ્યાણ ૨. બુદ્ધિ

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મોટા સાધુની સમજણમાં ઢૂંસાં એટલે શું ?
૨. બ્રહ્મરૂપ થવાનાં કયાં ત્રણ સાધનો છે ?





૩. કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. એવું સ્વામી કયાં વચનામૃતો સાંભળીને બોલ્યા ?
૪. મહારાજ તો ગારુડીને ઠેકાણે છે. એમની આગળ કોણ હાથ જોડીને ઊભા છે ?
૫. મોટા સંતની દૃષ્ટિ ક્યારે થાય ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. જેને આ ........................... ની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે. (સાધુ, મહારાજ, સત્સંગ)
૨. ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેણે .......................... કરવો નહિ. (આજ્ઞાલોપ, ઉપાસનાલોપ, સ્વધર્મલોપ)
૩. ................................ માં ભંગ પાડશે ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય. (સેવા-ભક્તિ, આજ્ઞા-ઉપાસના, ત્યાગ-વૈરાગ્ય)
૪. ................................ વચનામૃત વંચાવીને કહ્યું જે આવો થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય. (અં. ૧૧, વર. ૧૧, સા. ૧૧)
૫. આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો અને મુક્તાનંદ સ્વામીએ .................... સ્વામીનો સમાગમ કરવો. (ગુણાતીતાનંદ, સ્વરૂપાનંદ, ગોપાળાનંદ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. ચાર વાતું જીવનું જીવન
૨. સુખ-શાંતિનો ઉપાય
૩. ખરેખરા સત્સંગી થવાનો ઉપાય

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજીની સ્થિતપ્રજ્ઞતા
૨. સંતોને વિઘ્નો વચ્ચે ભગતજીનું આકર્ષણ
૩. આજ્ઞા-અનુવૃત્તિના પાલક ભગતજી મહારાજ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. સાધુનો કસબ એટલે શું ?
૨. ભગતજીનો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પક્ષપાત
૩. શુકમુનિ અને પવિત્રાનંદ સ્વામી પર ભગતજી મહારાજનો પ્રભાવ
૪. ભગતજીના ગૃહસ્થ ભક્તોની વિશેષતા